# ગુજકેટ પરીક્ષા : ઘણી રસીદમાં અનેક વિદ્યાર્થીના ફોટા જ નથી

## બોર્ડની અન્ય પરીક્ષાની જેમ જ આ પરીક્ષા પણ છબરડાથી બાકાત નથી : રસીદ અંગે નવો વિવાદ સપાટી પર આવ્યો


અમદાવાદ, તા.૪

મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નીટની પરીક્ષાનો સુપ્રિમ કોર્ટમાં ચુકાદો ન આવે ત્યાં સુધી વિકલ્પ રૂપે ગુજકેટની પરીક્ષા લેવાની જાહેરાત કરાઈ છે. આ પરીક્ષા નવ મેના રોજ યોજાવાની છે. આ માટે બીજી મેના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીએ પરીક્ષાની રસીદનું વિતરણ કરવામાં આવ્યું છે. જોકે બોર્ડની અન્ય પરીક્ષાની જેમ આ પરીક્ષા પણ છબરણથી બાકાત રહી નથી. પ્રાપ્ત થી માહિતી મુજબ આગામી નવ મેના રોજ યોજાનારી ગુજકેટની રસીદોનું વિતરણ કરાયું છે. જોકે રસીદો વિદ્યાર્થીઓનાં હાથમાં આવતા જ વિદ્યાર્થીઓ ચોંકી ઉઠ્યા હતા. કારણ કે કેટલાક વિદ્યાર્થીઓની ફી ની રસીદોમાં ફોટો જ છપાયો ન હતો. તો કેટલાક વિદ્યાર્થીઓની રસીદ ઉપર ફોટો ના છપાયો હતો. પરંતુ તેને ઓળખવામાં મુશ્કેલ પડે તેમ હતું. જેના કારણે વિદ્યાર્થીઓ નવ મેના રોજ પરીક્ષા સમયે આ રસીદને લઈ કોઈ સમસ્યા સર્જાય તો તેવી દહેશતના કારણે મુઝવણમાં મુકાઈ ગઈ હતી. જોકે પોતાના છબરતની જાણ થતા શિક્ષણ બોર્ડના અધિકારીઓ દોડતા થઈ ગયા હતા. અને વિદ્યાર્થીઓ પરીક્ષા ખંડમાં તકલીફ ન પડે તે માટે પગાલ ભર્યા હતા. જે મુજબ જે વિદ્યાર્થીઓની રસીદમાં ફોટો આવેલ ન હોય અથવા સ્પષ્ટ દેખાતો ન હોય તેવા વિદ્યાર્થીઓની રસીદમાં પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી શાળાના આચાર્યના સહી સિક્કા કરાવી લેવા જણાવવામાં આવ્યું છે. અને આવી રસીદોને વર્ગખંડમાં માન્ય રાખવાનો આદેશ કર્યો છે. આ ઉપરાંત જે વિદ્યાર્થીઓ ડાયરેક્ટ ગુજકેટની પરીક્ષાનું ફોર્મ ભર્યું છે. તેનાં વિદ્યાર્થીઓએ કોઈપણ શાળાના આચાર્ય અથવા રાજ્ય સરકારના અધિકારી પાસે સહી સિક્કા કરાવીને પરીક્ષાખંડમાં ફીની રસીદ લઈ જવા માટે જણાવવામાં આવ્યું છે. જોકે આવા વિદ્યાર્થીઓએ પોતાની રસીદની ઝેરોક્ષ કરાવી પરીક્ષા ખંડમાં વર્ગનિરીક્ષકને આપવાની રહેશે. જ્યારે અસલી રસીદ વિદ્યાર્થીએ પોતાની પાસે રાખવાની રહેશે. આ ઉપરાંત જે વિદ્યાર્થીઓની રસીદમાં શાળાના ઈન્ડેક્સ ખોટા આવેલા હોય તેવા વિદ્યાર્થીઓએ ગુજકેટનું ફોર્મ નંબર પાંચ ભરીને શિક્ષણ બોર્ડ ગુજકેટ સેલ, ગાંધીનગરનાં સરનામે મોકલી આપવાનું રહેશે.



સુભાષબ્રિજ ચાર રસ્તા પાસે ભાજપના કાર્યકરોએ કોંગ્રેસના જુદા જુદા કૌભાંડો સામે જોરદાર દેખાવો કર્યા હતા.

## વડીલોને વંદન અભિનંદન


ભાનુપ્રસાદ મગનલાલ ભટ્ટ (૧૯૪૭) મો. ૭૬૦૦૦૭૫૯૯૭૦

## ગુજરાત હાઈકોર્ટમાં ત્રણ એડિશનલ જજના શપથ

અમદાવાદ, તા.૪

ગુજરાત હાઈકોર્ટમાં જસ્ટીસ અબ્દુલ્લા ગુલામઅહેમદ ઉરેઝી, ડૉ. જસ્ટીસ કૌશલ જયેન્દ્ર ઠાકર, જસ્ટીસ રતિલાલ પરૂષોત્તમભાઈ ધોલરિયા એડિશનલ જજ તરીકે નિમણૂંક પામતા તેઓએ આજે હોદાના શપથ લીધા હતા. ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ભાસ્કર ભટ્ટાચાર્યએ એડિશનલ ન્યાયાધીશોને હોદ્દાના શપથ લેવડાવ્યા હતા. આ કાર્યક્રમમાં કાયદા મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કાયદા રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા, હાઈકોર્ટના ન્યાયાધીશો, સીનીયર એડવોકેટ્સ અને ન્યાયાધીશોના પરિવારજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૦૦ ઓબ્જેક્ટિવ પ્રશ્નપત્રની શક્યતા તપાસવા સમિતી બની

## ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષામાં વર્ષ ૨૦૧૫થી ૧૦૦ ટકા ઓબ્જેક્ટિવ માટેનો અમલ કરાય તેવી પ્રબળ સંભાવના

અમદાવાદ, તા.૦૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ની પરીક્ષામાં મોટાપાયે પરિવર્તનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જે મુજબ ધોરણ-૧૦ની પરીક્ષાના તમામ પ્રશ્નપત્રો ૧૦૦ ટકા ઓબ્જેક્ટિવ કરી દેવામાં આવશે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૫ સુધી પરીક્ષામાં ૧૦૦ ટકા ઓબ્જેક્ટિવ પ્રશ્નોનો અમલ કરાય તેવી શક્યતા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ની પરીક્ષામાં અભ્યાસ કરવા માટે એક ૧૫ સભ્યોની સમિતીની રચના કરવામાં આવી છે. જે ૧૦૦ ટકા ઓબ્જેક્ટિવ ટાઈપ પ્રશ્નો આધારીત પરીક્ષાની શક્યતા ઉપર રિપોર્ટ તૈયાર કરશે. જો આ સમિતીને લાગશે કે નવી પેટર્ન મુજબ રીક્ષા લેવાથી વિદ્યાર્થીઓને લાભ થઈ શકે તેમ છે તો માર્ચ ૨૦૧૫ની બોર્ડની પરીક્ષાથી ધોરણ-૧૦માં ૧૦૦ ટકા ઓબ્જેક્ટિવ પ્રશ્નપત્રોનો અમલ કરવામાં આવશે. સિક્ષણ બોર્ડના વાઈસ ચેરમેનની અધ્યક્ષતામાં રચાયેલ આ કમિટી અનેક મુદ્દાઓ ઉપર ધ્યાન આપશે. તેમાંય ખાસ કરીને વિદ્યાર્થીઓને કોમ્પિટિટીવ પરીક્ષામાં નવી પેટર્ન કઈ રીતે ફાયદારૂપ થશે ?

મેડીકલ અને ઈજનેરીમાં પ્રવેશ પરીક્ષાનાં પ્રશ્નપત્રો ઓબ્જેક્ટિવ સૈલીના હોય છે. જેથી વિદ્યાર્થીઓને ધોરણ-૧૦થી જ ઓબ્જેક્ટિવ પ્રશ્નનો તાલીમ આપવામાં આવે તે વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓની સારી રીતે તૈયારી કરી શકશે. ઉલ્લેખનીય છે કે અત્યારે ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં ૫૦ ટકા ઓએમઆર પેટર્નના અમલ કરવામાં આવી રહ્યો છે. આ પદ્ધતિ માર્ચ-૨૦૧૦થી અમલમાં મુકવામાં આવી છે. આ ઉપરાંત વર્તમાન વર્ષથી પ્રશ્નપત્રોના ઉત્તર લખવાની સમયમર્યાદા પણ ૭૫ મિનિટમાંથી ઘટાડીને ૬૦ મિનીટ કરાઈ હતી. જેથી પરીક્ષામાં ચોરીનાં કેસો ઘટાડી શકાય. માર્ચ-૨૦૧૫થી અમલમાં આવનારી ઓએમઆર પેટર્નમાંથી ભાષાના પેપરને બાકાત રખાશે. એટલે કે માત્ર ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા જેવા વિષયોમાં આ પદ્ધતિ અમલી બનશે. વિદ્યાર્થીઓ લખવાની આવડત પણ જળવાઈ રહે તે હેતુથી ભાષાના પેપરોમાં વર્ણનાત્મક પ્રશ્નો જ પૂછાશે.

## બુકફેરમાં બાળકો માટે ચિત્રવાર્તા સ્પર્ધા યોજાઈ

# ટેકનોલોજીના વધતા પ્રભાવથી ગુજરાતી ભાષા લુપ્ત થવા તરફ

અમદાવાદ, તા.૦૪

ગુજરાતી ભાષાની લુપ્તતા અટકાવવાના એક પ્રયાસરૂપે શહેરમાં ચાલી રહેલી બીજા રાષ્ટ્રીય પુસ્તક મેળામાં એક ખાસ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપની શરૂઆતમાં શહેરના ગુજરાતી વેબ ડિઝાઈનર ડૉ. રૂપલ મહેતાએ ગુજરાતી ભાષાની લુપ્તતા તરફ ધ્યાન ખેચ્યું હતું. વધતી જતી ટેકનોલોજીએ આજે વૈશ્વિક સ્તરે અંગ્રેજી ભાષાનું મહત્વ વધારી દીધું છે. અંગ્રેજી ભાષાના વિકાસની નકારાત્મક અસરરૂપે ગુજરાતી ભાષા ધીરે-ધીરે લુપ્ત થઈ રહી છે.

વકતા ડૉ. રૂપલ મહેતાએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતી ભાષા દુનિયાની પહેલી વીસ ભાષામાં સ્થાન ધરાવે છે. પણ ટેકનોલોજી તથા ઈન્ટરનેટની દુનિયામાં તેનું સ્થાન બહુ સામાન્ય છે. ગુજરાતી ભાષાની લુપ્તતા અટકાવવા માટે વકતાએ વેબસાઈટ, સોફ્ટવેર તથા એપ્લીકેશનસ ગુજરાતી ભાષામાં પણ બને અને વિકાસ થાય તેવી હિમાયત કરી હતી.

વર્કશોપના બીજા સમયમાં વકતા મૈત્રી શાહે ટેકનોલોજીના ઉપયોગથી ગુજરાતી ભાષાનો કઈ રીતે વિકાસ થઈ શકે તથા ગુજરાતી સાહિત્યને લાંબા સમય સુધી કઈ રીતે સાચવી શકાય તેના માટેનું માર્ગદર્શન આપ્યું હતું. મૈત્રી શાહે ગુજરાતી શબ્દકોષની જાણીતી વેબસાઈટ **www. gujaratilexicon. com** વિશે પણ માહિતી આપી હતી. પીસ્તાલીસ લાખ શબ્દો ધરાવતી **www. gujaratilexicon.com** વેબસાઈટ ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ ઓનલાઈન શબ્દકોષ છે. જેમાં અંગ્રેજી ટુ ગુજરાતી માટે ૬૩,૬૮૦ શબ્દો ગુજરાતીમાંથી અંગ્રેજી માટે ૪૮,૯૦૫ તથા ગુજરાતી ટુ ગુજરાતી માટે ૫,૨૬,૨૨૫ શબ્દો આવેલા છે.

વેબસાઈટ માર્ગદર્શન ઉપરાંત મૈત્રી શાહે ભૌતિક સ્વરૂપે રહેલા ગુજરાતી સાહિત્યને ડિજીટલ સ્વરૂપમાં કઈ રીતે રૂપાંતર કરવું એ માટેના સોફ્ટવેર વિશે પણ માર્ગદર્શન આપેલું. વર્લ્ડ લાઈન વેબ પરથી ગુજરાતી ફોન્ટ કઈ રીતે ડાઉનલોડ કરી ઈન્સ્ટોલ કરવા તથા ગુજરાતી ભાષામાં કઈ રીતે ટાઈપ કરવું તેના વિશે પણ આ વર્કશોપમાં માર્ગદર્શન આપ્યું હતું.

ભુલકાઓની સર્જનાત્મકતા પરથી પડદો હટાવવાના હેતુસર શહેરમાં ચાલી રહેલા રાષ્ટ્રીય પુસ્તક મેળામાં એક ખાસ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના જાણીતા ગ્રાફીક્સ ડિઝાઈનર સિધ્ધાર્થ રામાનુજના માર્ગદર્શન હેઠળ યોજાયેલા ક્રિએટીવ સ્ટોરી રાઈટીંગ વર્કશોપમાં ચિત્રવાર્તા પર એક ખાસ સ્પર્ધા યોજાઈ જેમાં ભુલકાઓની સર્જનાત્મકતા સ્લગ રીતે પ્રકાશિત થઈ હતી.

## અમદાવાદ એડવર્ટાઇઝીંગ સર્કલ એસોસિયેશનના હોદ્દેદારો ૨૦૧૩-૧૫



અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસિયેશનના હોદ્દેદારો ૨૦૧૩-૧૫ના વર્ષ માટે નીચેનાં હોદ્દેદારોની નિમણૂંક થઈ છે. પ્રમુખ સંદિપભાઈ એન. શાહ (અમોલા એડવર્ટાઝીંગ), ઉપપ્રમુખ અજયભાઈ એમ કાપડીયા (સ્વસ્તિક એડ્સ), સેક્રેટરી પીનલભાઈ એ. શાહ (શાર્પ મીડિયા), જો. સેક્રેટરી (દિપ્તી એડ્સ) તથા કારોબારી સભ્યો રાજેન્દ્રશાહ એસ. સોની (પૂર્ણિમા એડ્સ), હેમેન્દ્રભાઈ સી. શાહ (એડકોમ એડ્સ), અજીતભાઈ આર. શાહ (અજીત એડ્સ), હર્ષદભાઈ જે. શાસ્ત્રી (યુનાઈટેડ પબ્લીસીટ) અશોકભાઈ એમ. વ્યાસ (કેતન પબ્લીસીટી), રાજેકભાઈ બી. ગાંધી, (ક્રિષ્ના કોમ્યુનિકેશન), પ્રવીણભાઈ જે. ખત્રી, (કુણાલ એડ્સ),



મનીષભાઈ પી. ગાંધી (પી. ગૌતમ એન્ડ કું), કેતનભાઈ આર. દલાલ (રશ્મિ એમ. દલાલ).

# બનાવટી ઘી બનાવનાર સામે તંત્રની જોરદાર કાર્યવાહી શરૂ

## બનાવટી ઘી છેતરપીંડી પૂર્વક બજારમાં ઘુસાડવાના પ્રયાસો ખુલ્લા પડાયા : ૯૯ કિલો વનસ્પતિ ઘીનો જથ્થો કબજે

અમદાવાદ, તા.૪

ગુજરાતમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનાર તત્ત્વો સામે રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા અવારનવાર દરોડાઓ પાડી અનેક બનાવટી અને ભેળસેળવાળી ખાદ્યચીજો પકડતાં આ ભેળસેળીયા તત્ત્વોએ લોકોને છેતરવાના શરૂ કરેલા અન્ય પ્રયાસોને પણ ગાંધીનગરની સ્કવોડ ટીમે તાજેતરમાં જ ખુલ્લા પાડ્યા છે. છેલ્લા કેટલાંક સમયથી બનાવટી ઘી બનાવનારા સામે તંત્ર લાલ આંખ કરતાં આ તત્ત્વોએ ભેળસેળવાળા બનાવટી ઘીને ભભ નોન એડીબલભભ, દીપ દ્રવ્ય જેવા છેતરપીંડીવાળા લેબલો સાથે શ્રી કાન્હા નોન એડીબલ ફોર પૂજન પર્પઝ જેવા નવા નામે બનાવટી ઘીના નવા નામે વેચાતા ટીન પેકીંગને અમદાવાદ ખાતેથી પકડી પાડ્યું છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશ્નર ડૉ. એચ.જી. કોશિયાએ એક યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર ખાતેની અત્રેની સ્કવોડની ટીમ દ્વારા તા. ૨-૫-૧૩ના રોજ વટવા જીઆઈડીસી, અમદાવાદ ખાતે આવેલી શ્રી નકલંગ પ્રોડકટ, મહાલક્ષ્મી ઔદ્યોગિક સહકારી મંડળી, કિરણ ઈન્ડસ્ટ્રીઝ નજીક, ફેઝ-૧, વટવા જીઆઈડીસી નામની ઉત્પાદ કંપનીમાં દરોડા પાડીને ખોટા નામથી ગ્રાહકોને છેતરવાના હેતુસર બનાવટી ઘી જેવી પ્રોડક્ટ જેનું નામ કાન્હા નોન એડીબલ ફોર પૂજન પર્પઝ એવું ગેરમાર્ગે દોરતું લેબલ દર્શાવીને બનાવાતી પ્રોડક્ટ, જે સામાન્ય રીતે લોકો શુધ્ધ ઘી તરીકે વાપરતા હોય અને તે પ્રોડક્ટમાં વેજીટેબલ ઘી, પામ કરનલ, પામ ઓઈલ વગેરે ચીજવસ્તુ નાખીને મોટા પાયે તેનું ઉત્પાદન કરી માર્કેટમાં વેચવા માટે બનાવતા હતા. તે જગ્યાએથી કુલ ૫૯૦ લીટર કાન્હા નોન એડીબલ જપ્ત કરેલ છે તથા કુલ ૯૯ કિગ્રા જુદી જુદી કંપનીઓના વનસ્પતિ ઘી જપ્ત કરેલ છે. ૨૮ કિગ્રા. ફામાની પામ કરનલ ઓઈલ જપ્ત કરેલ છે તેમજ જુદી જુદી કપંની ૧૪૪ કિગ્રા. પામોલીન ઓઈલ જપ્ત કરેલ છે અને ૧૦ નમુના લઈ પ્રયોગશાળામાં ચકાસણી અર્થે મોકલી આપેલ છે. જે તમામની બજાર કિંમત આશરે રૂપિયા દોઢ લાખ જેટલી થવા પામે છે.

## ગુજરાત કર્મચારી મહામંડળનાં ભાગલા

અમદાવાદ, તા.૪

રાજયભરના સરકારી કર્મચારીઓનાં પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં નિષ્ફળતા પામેલા ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ સામે અંદરખાને સરકારી કર્મચારીઓમાં રોષ ભભૂક્યો છે. આ પગલે ગુજરાત કર્મચારી મહામંડળના બે ભાગલા પડી ગયા છે. વડોદરા ખાતે આજે ગુજરાત કર્મચારી મહામંડળના નામે આજે નવા સંગઠનની રચના કરવામાં આવી છે. વડોદરામાં કર્મચારી અગ્રણી ઘનશ્યામ ગોસ્વામીની આગેવાની હેઠળ વિવિધ કર્મચારી મંડળોની એક બેઠક મળી હતી જેમાં કર્મચારીઓના વર્ષોથી પડી રહેલા પેન્ડિંગ કેસો કે જેનો હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી તેવા તમામ પ્રશ્નો અંગે ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળના હાલના હોદ્દેદારોની નિષ્ફળતા સામે રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ આગેવાનોના સૂચનના પગલે વડોદરા સ્થિત કુબેરભવન ખાતે વિવિધ આગેવાનોની ઉપસ્થિતિમાં અલગ સંગઠન ગુજરાત કર્મચારી મહામંડળની સ્થાપના કરવામાં આવી છે.

## ચેઈનસ્નેચિંગના બે બનાવો રૂ. ૮૫૦૦૦ની મત્તા લૂંટાઈ

અમદાવાદ, તા.૪

શહેરમાં ચઈન સ્નેચરોએ ફરી માથું ઉંચકયું છે. શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં બે ચેઈન સ્નેચિંગના બનાવો બનવા પામ્યા છે. શહેરના બાપુનગર વિસ્તારમાં આવેલી અખંડલક્ષ્મી સોસાયટી ખાતે રહેતા અંજનાબેન રાજુભાઈ દવે સવારે ૭ વાગ્યાના સુમારે શ્રીરામ પાન સેન્ટર પાસેથી દૂધ લઈ ઘરે પરત ફરી રહ્યા હતાં તે દરમિયાનમાં મોટર સાઈકલ પર આવેલા બે અજાણ્યા શખ્સો અંજનાબેનના ગળામાં રહેલી સોનાની ચેઈન કિંમત રૂા. ૫૦૦૦૦ની તોડી નાસી છૂટયા હતાં અંજનાબેને ચેઈન સ્નેચિંગ થતા બુમાબૂમ કરી હતી. પરંતુ લૂંટારાઓ સવારનો સમય હોવાથી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

બીજા બનાવમાં ઘાટલોડિયાના નિર્માણ કોમ્પલેક્ષમાં રહેતા અલકાબેન પટેલ તા. ૩ જીના રોજ રાત્રે ૯.૩૦ વાગ્યે આર.સી. ટેકનીકલ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો અલકાબેનના ગળામાં રહેલી સોનાની ચેઈન જેની કિંમત રૂા. ૩૫૦૦૦ તે તોડી નાસી છૂટયા હતા.

# ગુજકેટના વિદ્યાર્થીઓએ રસીદમાં ફોટો ચોંટાડવો


## ફી રસદીમાં ફોટો સ્પષ્ટ ન દેખાતો હોય એવા વિદ્યાર્થીઓને સૂચના

અમદાવાદ, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વાર તા. ૯-૫-૧૩ના રોજ લેવાનાર ગુજરાતકોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) ૨૦૧૩ની ફી રસીદમાં ફોટો આવેલ ન હોય તે ફોટો સ્પષ્ટ દેખાય તેવો ન હોય તો ફી રસીદ (હોલ ટીકીટ)માં પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી આચાર્યના સહી-સિક્કા કરાવવા.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાય બોર્ડના વિદ્યાર્થીઓએ શાળાના આચાર્ય કે રાજયપત્રિત (ગેઝેટેડ) અધિકારીના સહી સિક્કા કરાવીને વર્ગખંડમાં હોલટીકીટ લઈ જવી. તેની ઝેરોક્ષ કરાવી એક ઝેરોક્ષ નકલ ખંડ નિરીક્ષકને પરીક્ષા સમયે આપવી. અસલ ફી રસીદ ઉમેદવારે પોતાની પાસે રાખવી. જેઓની ફી રસીદમાં શાળા ઈન્ડેક્ષ નંબર ખોટો આવેલ હોય તે વા ઉમેદવારોએ પરિશિષ્ટ-૫ ભરીને બોર્ડમાં ગુજકેટ સેલ, ગાંધીનગરના સરનામે મોકલી આપવાનું રહેશે.

## શબ્દાવલી - ૫૦૫૫



### આડી ચાવી

૧. પાણી જવાનું નાળું (૪)
૪. જગ્યા, વિસ્તાર, બે મકાન વચ્ચે આટલું... છે (૩)
૬. ... કરવું, ઉપાચય કરવી (૩)
૮. રેશમી ધોતી (૪)
૧૦. નાના છોકરાને થતો એક રોગ (૪)
૧૧. શેતરંજી (૩)
૧૨. બાંગ, કુકડો સવારમાં... પોકારે છે (૨)
૧૩. સોગન, સમ (૩)
૧૫. આંગણુ (૪)
૧૭. ગળચી, ગળુ (૩)
૧૮. સંવેદના, આત્મીયતા (૩)

### ઊભી ચાવી

૧. આકાશ, નભ (૩)
૨. અવાજ (૨)
૩. એક પ્રકારના બિસ્કીટ (૫)
૫. તીવ્ર ઈચ્છા (૩)
૭. ભારતીય ચલણી નાણું (૩)
૯. પહેલાના જમાનાનું રાજાઓનું વાહન (૨)
૧૦. ધડમાથા વગરનું (૫)
૧૨. નાના નાના તોફાનના બનાવો (૪)
૧૩. ચોખાના કટકા (૩)
૧૪. લશ્કરી પડાવ (૩)
૧૬. ગોળ (૨)

### શબ્દાવલી ૫૦૫૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) છેલછબીલો (૫) હાની (૭) તજા (૮) લાજશરમ (૧૦) રામ (૧૧) મણી (૧૨) શબનમ (૧૪) મત (૧૬) ગાય (૧૭) ધરા (૧૮) છલકાવુ (૨૦) કંકાવટી

**ઊભી ચાવી :-** (૧) છેતરામણી (૨) લજામણી (૩) બિલાડી (૪) લોજ (૫) હાર (૬) નીલ (૯) શરબત (૧૨) શમણુ (૧૩) મથરાવટી (૧૪) લાયકાત (૧૬) ગાલ (૧૮) છળ (૧૯) શંકા

# મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે આજે નીટ પરીક્ષા લેવાશે

## ગુજરાતભરમાં અમદાવાદ વડોદરા અને સૂરત ત્રણ કેન્દ્રો રહેશે: મામલો સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ હોવા છતાં પરીક્ષા

અમદાવાદ, તા૪

ધોરણ-૧૨ સાયન્સ પછી મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પરીક્ષાના વિવાદ વચ્ચે રવિવારે દેશભરમાં નીટની પરીક્ષામાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાંથી પણ ધોરણ-૧૨ સાયન્સ બી ગ્રુપના એક લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ નીટની પરીક્ષા આપશે. જેનાં માટે રાજ્યમાં અમદાવાદ, વડોદરા અને સુરત એમ ત્રણ કેન્દ્રોની ફાળવણી કરવામાં આવી છે. મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નીટની પરીક્ષા લેવી કે નહી તેની મામલો અત્યારે સુપ્રિમ કોર્ટમાં પડતર છે. ત્યારે ચુકાદો આવે તે પહેલા જ નિર્ધારીત કાર્યક્રમ મુજબ રવિવારે દેશભરમાં નીટની પરીક્ષા લેવામાં આવશે. ગુજરાતમાંથી ધોરણ-૧૨ સાયન્સમાં બી ગ્રુપના એક લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ નીટની પરીક્ષા આપશે. આ માટે રાજ્યમાં અમદાવાદ, વડોદરા અને સુરત એમ ત્રણ કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે. જેનાં કારણે ઉત્તર ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા માટે અમદાવાદ આવવું પડશે.

ઉલ્લેખનીય છે કે ધોરણ-૧૨ સાયન્સ પછી મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે દેશભરમાં એક સ્તર ઉપર નીટની પરીક્ષા લેવાની જાહેરાત કરવામાં આવી હતી. આ નિર્ણયને કેટલાક વિદ્યાર્થીઓએ સુપ્રિમ કોર્ટમાં પડકાર્યો હતો. જો મુદ્દો સુપ્રિમ કોર્ટમાં અત્યારે પડતર છે અને સંભવતઃ ૯ મેના રોજ સુપ્રિમ કોર્ટ આ મામલે ચુકાદો જાહેર કરે તેવી શક્યતા છે. દરમિયાન નીટની પરીક્ષા તેના નિર્ધારીત કાર્યક્રમ મુજબ લેવાઈ રહી છે. તેથી જો સુપ્રિમ કોર્ટ નીટની પરીક્ષાના આધારે પ્રવેશ ફાળવવાની જાહેરાત કરે તો વિદ્યાર્થીઓના પરીણામ જાહેર કરી પ્રવેશ પ્રક્રિયા હાથ ધરી શકાય દરમિયાન ગુજરાતમાં સુપ્રિમ કોર્ટના ચુકાદાની લટકતી તલવાર વચ્ચે નવ મેની રોજ ગુજકેટની પરીક્ષા પણ લેવામાં આવનારી છે.

જો સુપ્રિમ કોર્ટ નીટ આધારે મેડીકલમાં પ્રવેશને અવમાન્ય ઠેરવે તો ગુજકેટના આધારે રાજ્યની મેડીકલ કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી શકાય. દરમિયાન નીટ અને ગુજકેટની પરીક્ષા વચ્ચે સુપ્રિમના ચુકાદાની લટકતી તલવારે વિદ્યાર્થીઓને મુઝવણમાં મુકી દીધા છે. વિદ્યાર્થીઓને બંન્ને પરીક્ષાઓ આપવાની ફરજ પડે છે. પ્રવેશ તો એક પરીક્ષાના આધારે જ ફળવાશે.

# અમદાવાદ સહિત રાજ્યભરમાં હિટવેવ : પ્રજા હેરાન-પરેશાન

અમદાવાદ, તા. ૪

ધોમધખતા વૈશાખના આગમનને હજુ પાંચ દિવસ બાકી છે ત્યારે સૂર્યનારાયણ કોપાયમાન બન્યા હોય તેમ આકાશમાંથી અંગારા ઓકતી ગરમી પડતા લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. રાજ્યમાં આજે સૌથી વધુ ઉષ્ણતામાન અમદાવાદમાં ૪૨.૯ ડીગ્રી નોંધાયું હતું જે સામાન્ય કરતાં બે ડીગ્રી વધુ રહ્યું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭ ડીગ્રી નોંધાયુંહતું. જે સામાન્ય કરતા ત્રણ ડીગ્રી વધુ હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૫૬ ટકા નોંધાયું અને સાંજે ૫.૩૦ કલાકે ૨૨ ટકા નોંધાતાં લોકોએ ગરમી સાથે બફારાનો પણ અહેસાસ કર્યો હતો.

હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ આજે ગાંધીનગર, વલ્લભ વિદ્યાનગર, અમરેલી અને કંડલા એરપોર્ટ ઉપર મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રી ને પાર કરી ગયું હતું.

રાજ્યના સૌથી હરિયાળા ગણાતા ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૨.૫ ડીગ્રી અને વલ્લભવિદ્યાનગરમાં ૪૨.૬ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે તાપમાનમાં કાયમ ટોપ પર રહેતા ઈડરમાં મહત્તમ તાપમાન ૪૧.૨ ડીગ્રી નોંધાયુંહતું જ્યારે ડીસામાં ૪૧.૪ ડીગ્રી વડોદરામાં ૪૧ ડીગ્રી અને સુરેન્દ્રનગરમાં ૪૧.૭ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.

ટચૂકડી જાહેર ખબર
વાઘેલા ક્લિનીંગ
સોફા સેટ, ચેર, શેમ્પુ, નવા જુના હાઉસ અને ઓફીસ સ્પેશીયલ ક્લીનીંગ, નાની ડ્રેનેજ લાઈન સાફ-સફાઈ કરવામાં આવશે.
મો. : ૯૮૨૪૯ ૫૯૦૧૫